
નગર તો ઘણાં હશે, પણ ચાદંગર જેવું બીજું કોઈ નગર નહીં હોય.

હિમાલયની ઊંચી ટેકરી અને ટેકરીની ટોચ પર સફેદ પથ્થરનો કિલ્લો. જાણે માખણનાં ચોસલાં ગોઠવી દીધાં હોય એવો ધોળો. કિલ્લામાં પીળા અને લાલ-ગુલાબી આરસનો મહેલ છે.

તે છે ચાંદનગરનો રાજમહેલ.

તેમાં રહે છે રાજા-રાણી.



અડુકિયા અને દડુકિયાના તેઓ મામા થાય.

મામાને એક કુંવરી.

એકની એક દીકરી.

એનું નામ મેના.

મેનાને કોઈ ભાઈ નથી.

ભાઈ વિનાનાં ઘર સૂનાં.

સાકર વિનાની લાપશી, તેવી ભાઈ વિનાની બહેન.

સુગંધ વિનાનું ફૂલ, એવું ભાઈ વિના બહેનનું હેત. મીઠાશ વિનાનું ફળ, એવો ભાઈ વિના બહેનનો આનંદ.

પણ મેનાને એની જરાય ખોટ નથી લાગતી. ભલે પોતાને સગો ભાઈ નથી પણ સગા ભાઈથી પણ વધી જાય એવા ભાઈઓ અડુકિયો અને દડુકિયો છે. ફોઈબાના દીકરા છે પણ સગા ભાઈ

જેવા હેતાળ અને માયાળુ છે. તેમની સાથે મેના રહે છે ત્યારે સો સો સગા ભાઈ સાથે રહેતી હોય એવું તેને લાગે છે.


મેનાને એવી રમાડે, એવી હસાવે, એવી હુલાવે અને એવી ફૂલાવે કે આખો મહેલ આનંદથી ભરાઈ જાય. અડુકિયો અને દડુકિયો મહેલમાં હોય ત્યારે મેનાના આનંદનો કોઈ પાર નથી.

સૂરજ ઊગે અને રાત થાય.

રાત વીતે અને દિવસ થાય.

એવા કેટલાય દિવસો આવે છે અને જાય છે તે મેના ભૂલી જાય છે. અડુકિયો દડુકિભાઈ સાથે આખો દિવસ રમે છે, ખેલે છે અને આનંદમાં સમય વિતાવે છે. આંખમાં ઊંઘ છલકાવા માંડે ત્યાં સુધી રાતે વાર્તાઓ, ઊખાણાં, કોયડા અને ગીતગમ્મતમાં સમય વિતાવે છે.

ક્યારે દિવસ પૂરો થયો અને ક્યારે રાત ગઈ તેનું જાણે કે ભાન જ રહેતું નથી.



અડુકિયા-દડુકિભાઈ આવે ત્યાંથી જાણે કે સવાર અને પાછા જાય ત્યારે જાણે કે રાત પડી.

મામા ને મામીના આનંદનોય કોઈ પાર નથી.

અડુકિયો કહે : “ભાઈ દડુકિયા?”

દડુકિયો કહે : “શું ભાઈ?”

અડુકિયો કહે : “હવે ઘેર ચાલો. અહીં રહીશું ત્યાં સુધી દિવસ અને રાત જશે અને આવશે તેની સમજ નહીં પડે.”

દડુકિયો કહે : “હા ભાઈ, બા-બાપુએ કહેલું કે દિવાળી જાય કે તરત પાછા આવજો.”

અડુકિયો કહે : “મેનાબહેન કહે કે ભાઈબીજ કર્યા વિના જવા જ ન દઉં.”

દડુકિયો કહે : “ભાઈબીજ ગઈ એટલે હવે કહે છે કે, પોષી-પૂનમ કર્યા વિના જવા ન દઉં.”

અડુકિયો કહે : “આપણે રોકાવું જ નથી.”

ત્યાં પાછળ મેના આવી પહોંચી હત. તેણે આ વાત સાંભળી અને બોલી : “આ હા હા હા... પોષી-પૂનમ આવ્યા વિના જતા રહેશો તો પછી અમને પોષી-પૂનમ કોણ કરાવશે? ભાઈ વિના અમને પોષી-પૂનમનો અપવાસ કોણ છોડાવશે?”

અડુકિયે જોયું દડુકિયા સામે અને દડુકિયે જોયું અડુકિયા સામે.

“શું બોલવું?”

મેના બોલી : “બોલો ને?”

દડુકિયો બોલ્યો : "મેના! બા-બાપુજી રાહ જોતાં હશે. અમે કહીને આવ્યા છીએ કે દિવાળી કરીને તરત પાછા આવી જઈશું."


મેના કહે : "તમે પાછા ઝટ આવતા નથી."

અડુકિયો કહે : "અષાઢ આવશે કે અમે આવી જઈશું. પછી દિવાળી સુધી રહેવાના."

અડુકિયો-દડુકિયો તૈયાર થયા. મામા-મામીને નથી ગમતું. મેના તો સૂનમૂન થઈ ગઈ. ના કહેવાય એમ નથી. હવે જવા દેવા જોઈએ. છ મહિના વીતી ગયા છે.

આ છે હિમાલયનો દેશ. ચોમાસામાં તો કોઈથી જવાય નહીં કે અવાય નહીં. તૈયારી થઈ. ત્રણ ઘોડા તૈયાર કર્યા.

સાથે બટુક પણ હતો. બટુકને મા-બાપ નહોતાં. તે અડુકિયા-દડુકિયાને મળી ગયેલો. તેને અડુકિયો-દડુકિયો પોતાને ઘેર લઈ આવેલા. ત્યારથી બટુક પણ સગા ભાઈ જેવો બનીને સાથે જ રહેતો હતો.



ત્રણ ઘોડા એમના અને ચાર ચોકીદારો ઘોડે ચડીને મૂકવા ચાલ્યા.

મામા-મામી અને મેના કિલ્લાના દરવાજા સુધી વળાવવા ગયાં. બધાંની આંખમાં વિદાયનાં આંસુ આવી ગયાં. "આવજો. આવજો" કહેતાં ચાલતા થઈ ગયાં.

હિમાલયનો મારગ છે. ક્યાંક ઊંચી ટેકરી ચડવી પડે, ને ક્યાંક નીચે ઊતરવું પડે. ક્યાંક વળી ઊંડી ખીણ આવે તો ક્યાંક વનની ઝાડી આવી જાય. એમ કરતાં તળેટીમાં પહોંચી ગયા. સાત દિવસ અને સાત રાત મારગમાં વિતાવવા પડ્યા.

ચોકીદારો હવે પાછા જવા અટક્યા.

ચોકીદાર કહે : "અડુકિયાભાઈ, દડુકિયાભાઈ, હવે સીધી સપાટ ભૂમિનો મારગ આવ છે. સાત ગાુ ગયા પછી બે મારગ આવશે. ડાબા હાથને મારગે જશો નહીં. એ મારગે કોઈ જતું નથી. એ સિંહકોટની ખીણનો મારગ છે. ત્યાં થઈને જઈએ તો પંદર દિવસ વહેલા જઈ શકીએ પણ ત મારગ બીક લાગે એવો છે."

દડુકિયો કહે : "એની હવે ચિંતા કરશો જ નહીં. તમતમારે પાછા જાઓ."

અડુકિયો કહે : "અમે મોજથી પહોંચી જઈશું."

ચોકીદારો પાછા ગયા. અડુકિયો, દડુકિયો અને બટુક ચાલવા માંડ્યા.

જતાં જતાં સાત ગાઉ પૂરા થયા.

હવે બે મારગ આવ્યા.

દડુકિયો બોલ્યો : "ભાઈ, આ ડાબા હાથને મારગે એ માટે નહીં જવાતું હોય કે સિંહકોટની ખીણ ત્યાં આવે છે."

